# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન

સરદાર પટેલ ભવન ,દાણાપીઠ,અમદાવાદ ૩૮૦૦૦૧ -

નાણાં ખાતુ
સરકયુલર નંબર-૨૭
તા.૦૩-૦૭-૨૦૧૭

## સર્વિસ ટેક્ષ અંગેનો અગત્યનો સરકયુલર

આથી તમામ ખાતાના અધિકારીશ્રીઓને જણાવવાનું કે કેન્દ્ર સરકાર દ્વારા તા.૦૧-૦૭-૨૦૧૭ થી GST એકટનું અમલીકરણ કરવામાં આવેલ છે.જેનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ અમલ કરવાનો થતો હોવાથી મ્યુનિ.કોર્પોરેશન દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ પૈકી કેટલીક સેવાઓનો GST એકટમાં સમાવેશ થાય છે તેના માટે જે તે ડીપાર્ટમેન્ટે નીચેની કામગીરી તાકીદે કરવાની રહેશે.

કેન્દ્ર સરકારના નોટિફિકેશન મુજબ તા.૩૦-૦૬-૨૦૧૭ સુધી ભરવાનો થતો સર્વિસ ટેક્ષ તા.૦૫-૦૭-૨૦૧૭ સુધીમાં ભરવાનો થાય છે.આ સંજોગોમાં એસ્ટેટ ખાતાએ હોર્ડીગ્ઝ માટેનો જે કોન્ટ્રાકટ આપેલ હોય,મ્યુનિસિપલ હોલ/પાર્ટી પ્લોટ કે જે ધંધાકીય હેતુ માટે કોન્ટ્રાકટથી આપેલા હોય તથા કાંકરીયા ખાતે જે સ્ટોલ, રાઈડસ તથા અન્ય કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે તેઓ તરફથી મ્યુનિ.કોર્પોરેશનને તા.૩૦-૦૬-૨૦૧૭ સુધીમાં આપવાનો થતો નાણાંકીય અવેજ જે તે સમયના પ્રવર્તમાન ટેક્ષીસ (સર્વિસ ટેક્ષ સાથે) તાકીદે તા.૦૫-૦૭-૨૦૧૭ સુધીમાં મ્યુનિસિપલ તિજોરીમાં જમા કરાવવાનો રહેશે અન્યથા તા.૩૧-૦૭-૨૦૧૭ સુધીમાં વાર્ષિક ૧૫ % લેખે વ્યાજ સહિત નાણાંકીય અવેજ જમા કરાવવાનો રહેશે.જેથી સર્વિસ ટેક્ષ અંગેનું રીર્ટન વાર્ષિક ૧૫ % વ્યાજ સાથે તા.૧૫-૦૮-૨૦૧૭ સુધીમાં ફાઈલ કરી શકાય.આ અંગેની સઘળી જવાબદારી જે તે વિભાગની રહેશે.

ઉપરોકત સરકયુલરનો ચુસ્તપણે અમલ ખાતા અધિકારીશ્રીએ કરાવવાનો રહેશે.

સહિ-

ડે.મ્યુનિ.કમિશનર(ફાયનાન્સ)